નવગુજરાત સમય, પાના નં. ૦૨ તા. ૦૬.૦૬.૨૦૨૪

## વિશ્વ પર્યાવરણ દિને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગોતા ખાતે વૃક્ષારોપણ કર્યું

# રિવરફ્રન્ટ-મેટ્રો કનેક્ટિવિટી માટે ઈલે. બસનો શુભારંભ કરાવતાં મુખ્યમંત્રી

નવગુજરાત સમય > અમદાવાદ

વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રિવરફ્રન્ટ ઉપર AMTSની બસ સેવાનો શુભારંભ કરાવવાની સાથે મેટ્રો કનેક્ટિવિટી માટે થલતેજ અને વસ્ત્રાલ આસપાસનાં વિસ્તારો માટે ફીડર બસ સેવા શરૂ કરાવી હતી. આ ઉપરાંત ગોતા ખાતે વૃક્ષારોપણ પણ કર્યું હતું.

મ્યુનિ. સ્ટે.કમિટી ચેરમેન દેવાંગભાઈ દાણીએ જણાવ્યું હતું કે, વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે મ્યુનિ.નાં પર્યાવરણલક્ષી પ્રોજેક્ટસનાં શુભારંભ મુખ્યમંત્રીનાં હસ્તે કરાવવાનો નિર્ણય લેવાયો હતો. તેમાં શહેરમાં વાયુ પ્રદૂષણ ડામવા અને પર્યાવરણની જાળવણી માટે ઈલેક્ટ્રિક બસોનો ઉપયોગ વધારવાનું નક્કી કરાયું છે. તદઉપરાંત ખાનગી વાહનોનો વપરાશ ઘટે તો ટ્રાફિક જામ



સહિતની સમસ્યા હળવી બને તેવા હેતુથી નાગરિકો મેટ્રો રેલનો વધુમાં વધુ ઉપયોગ કરતાં થાય તે માટે તેમને તેમનાં વિસ્તારમાંથી જ બસ મળે અને મેટ્રો રેલ સ્ટેશન સુધી પહોંચાય તેવી યોજના અંતર્ગત થલતેજ અને વસ્ત્રાલ સ્ટેશનેથી ફીડર બસ સેવાનો શુભારંભ મુખ્યમંત્રીના હસ્તે કરાવવામાં આવ્યો હતો. તેવી જ રીતે રિવરફ્રન્ટ ઉપર ફ્લાવર ગાર્ડન, અટલ બ્રિજ અને નૌકા વિહાર વગેરે માટે પરિવાર સાથે આવતાં નાગરિકોને પણ જાહેર પરિવહન સેવા સરળતાથી મળે તે માટે રિવરફ્રન્ટ ઉપર વાસણા અને વાડજ ટર્મિનસ વચ્ચે બસ સેવાને પણ મુખ્યમંત્રીએ લીલી ઝંડી દર્શાવી હતી.તદઉપરાંત મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મેયર પ્રતિભાબેન જૈન, ડે.મેયર જતીનભાઈ પટેલ, સ્ટે.કમિટી ચેરમેન દેવાંગભાઈ દાણી, શહેર પ્રમુખ અમિતભાઈ શાહ સહિતનાં હોદ્દેદારો સાથે ગોતા એસ.જી.હાઈવે ખાતે આવેલી ઉમિયા કોલેજ પાસે ઉમિયા કેમ્પસમાં વૃક્ષારોપણ કર્યું હતું. તેમજ પર્યાવરણની જાળવણી માટે રિડ્યુસ, રિયુઝ અને રિસાઈકલ પોલિસી અંતર્ગત સોલીડ વેસ્ટ વિભાગની સાત મોબાઈલ વાનને પણ લીલી ઝંડી આપી હતી. આ મોબાઈલ વાન સાત ઝોનમાં જુદી જુદી સોસાયટીઓમાં ફરશે અને નાગરિકો પાસેથી જૂના કપડાં, પગરખાં, ચોપડી, રમકડાં, ફર્નિચર વગેરે બિનઉપયોગી ચીજવસ્તુનું કલેક્શન કરશે.